**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૧.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૭ ટકા

# દિવાળીના દિવસોમાં રંગોળીનું અનેરૂ મહત્વ



ગાંધીનગર, તા. ૨૧
દિવાળી નજીકના દિવસોમાં જ આવનાર છે ત્યારે અગિયારસથી જ ઘરે ઘરે તહેવારનો માહોલ જોવા મળશે. બહેનો ઘરકામની સાથે ઘરની સજાવટમાં લાગી જશે. ઘર સજાવટ સાથે જ ઘરની શોભા વધારતી રંગોળીની તો વાત જ કાંઈક ઓર છે. શહેરમાં અલગ અલગ પ્રકારના રંગોનું વેચાણ શરૂ થઈ ગયુ છે. કેમિકલના કલર તો વેચાય છે સાથે હવે ઓર્ગેનિક કલર પણ ડિમાન્ડમાં છે. આ સાથે રંગોળીની ડિઝાઈનના કાર્ડ સાથે દેવી, દેવતાની ડિઝાઈન ધરાવતી જાળી પણ શહેરમાં વેચાઈ રહી છે. રંગોળીના મહત્વને અનુલક્ષી શહેરમાં રંગોળી સ્પર્ધા પણ યોજાનાર છે.

દિવાળીના દિવસોમાં ઘરની બહાર રંગોળી કરવી એટલે મા મહાલક્ષ્મીને આમંત્રણ આપવું. એમાંય જો તમે રંગોળી આગળ દીવા મુકી દો તો એની શોભા જ કંઈક અલગ હોય છે. કહેવાય છે કે ભારતમાં તો આ પરંપરા મોહેન્જો દડો અને હડપ્પન સંસ્કૃતિથી ચાલી આવે છે.

દિવાળી સમયે ઘરની શોભામાં વૃદ્ધિ કરતી રંગોળીની ડિઝાઈનમાં પેઢી દર પેઢી ઉમેરો થતો જાય છે પણ તેનુ મહત્વ ઘટતુ નથી. પહેલાના સમયમાં માટીના લીંપણ ઉપર અમુક જ કલર સાથે રંગોળી બનાવાતી પરંતુ દિવસોમાં અલગ અલગ ડિઝાઈન સાથે હેન્ડમેઈક રંગોળી સાથે કાર્ડ ઉપર ડિઝાઈન કરેલી તૈયાર રંગોળી અને અલગ અલગ ડિઝાઈનવાળી નાની મોટી સાઈઝની જાળી પણ શહેરમાં વેચાઈ રહી છે. જેમાં કલર ઉમેરતા જ ચપટીમાં રંગોળી તૈયાર થઈ જાય છે અને સમય પણ બચી જાય છે. આ ઉપરાંત રંગોળીના કલર પૂરવા માટેની પેનની પણ ખરીદી શહેરીજનો કરી રહ્યા છે. રંગોળીને મહત્વ આપતા શહેરની જાણીતી સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા તા. ૨૪ ઓક્ટોબરના રોજ બપોરે ૧ થી ૪ દરમિયાન સે. ૭ સ્થિત સરકારી લગ્નવાડી ખાતે રંગોળી સ્પર્ધા યોજાનાર છે.

## શૈક્ષણિક સંકુલોમાં હોસ્ટેલની સુવિધા ફરજિયાત કરવા જાગૃત નાગરિક પરિષદનું સૂચન

ગાંધીનગર, તા.૨૧
ગાંધીનગર છેલ્લા કેટલાંક વર્ષોમાં શૈક્ષણિક કેન્દ્ર તરીકે વિકસવા પામ્યું છે. પાટનગરમાં સંખ્યાબંધ યુનિવર્સિટીઓ તથા અનેક શાળાઓના વિકાસ સાથે તેમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાંથી મોટાભાગના વિદ્યાર્થીઓ બહારગામના હોવાથી તેમને ખાનગી હોસ્ટેલ અથવા પેઈંગ ગેસ્ટ કે શેરીંગ રેન્ટલ પધ્ધતિ આધારિત રહેવું પડી રહ્યું છે. હાલમાં શહેરમાં ખાનગી હોસ્ટેલોને બંધ કરવાની નોટિસો તંત્રએ આપી છે જેને પગલે આ પ્રકારના વિદ્યાર્થીઓ માટે પરિસ્થિતિ વિકટ બની છે તેવી સ્થિતિનો ચિતાર આપતા ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા શહેરમાં યુનિવર્સિટીઓ તથા હાયર સેકન્ડરી શાળાઓમાં આધુનિક હોસ્ટેલની સુવિધા શૈક્ષણિક સંકુલો દ્વારા જ પુરી પાડવામાં આવે તેવી અપીલ રાજય સરકારને કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા અગાઉ વર્ષ ૨૦૧૬માં તા. ૨જી મેના રોજ યોજાયેલી કારોબારી બેઠકના ઠરાવ નં. ૧ અનુસાર શહેરમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંકુલો દ્વારા જ હોસ્ટેલની સુવિધા પુરી પાડવામાં આવે તેવી રજુઆત રાજય સરકાર સમક્ષ કરવાનું ઠરાવાયું હતું અને તે અંગે કાર્યવાહી કરવામાં આવી હતી. આ સૂચન અંગેના કારણ પણ તે સાથે જણાવાયા હતા. આજે શહેરમાં ખાનગી હોસ્ટેલોને બંધ કરવાની નોટીસો આપવામાં આવી રહી છે ત્યારે જાગૃત નાગરિક પરિષદ દ્વારા ફરી સરકાર સમક્ષ શૈક્ષણિક સંકુલો દ્વારા આધુનિક હોસ્ટેલની સુવિધા ફરજિયાત કરવા માંગ કરવામાં આવી છે.





### ગટર ઉભરાવવાની સમસ્યા સામે તંત્રના આંખ આડા કાન

સેકટર-૪ વિસ્તારમાં છેલ્લા એકાદ મહિનાથી ગટર ઉભરાવવાની સમસ્યા અંગે વારંવાર લેખિત અને મૌખિક ફરિયાદ કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાતા નથી.

## શરીર, ઘર અને દેશને સ્વચ્છ રાખવાના સંકલ્પ સાથે સૌએ યોગ-પ્રાણાયામ કર્યા





ગાંધીનગર, તા.૨૧
દિવાળીના દિવસોમાં ઘરની સફાઈ સાથે શરીરની સફાઈ અને એ રીતે દેશની યુવા પેઢીને સ્વચ્છતા-સૌષ્ઠવ સાથે પ્રગતિ થાય એવી ભાવના સાથે યોગ-પ્રાણાયામના વર્ગો રવિવારની સવારે માધવ ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે કરવામાં આવ્યા હતા.

કેપીટલ કલબ ઓફ રોટરી, શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, માધવ રેસ્ટોરન્ટ અને યોગ વીથ નીરજા દ્વારા આનું સંયુકતપણે આયોજન કરવામાં આવ્યું હતું.

આઈએએસ અધિકારી એસ.કે. નંદા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જીગાબાપુ, સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા, રાજપુત સમાજના અગ્રણી વિજયસિંહ અને વનરાજસિંહ દ્વારા દિપ પ્રાગટય કરી આ કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો હતો.

યોગ ગુરુ નીરજા શુકલા દ્વારા યોગ-પ્રાણાયામની એક કલાક સુધી વૈવિધ્યસભર તાલીમ આપવામાં આવી હતી. એ.કે. નંદાએ પણ નિરામય શરીર માટેની જરૂરી ટીપ્સ આપી હતી. આ કાર્યક્રમમાં સૌથી વધુ લોકો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયશ્રી ખેચીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા પાર્થ ઠકકર, વનરાજસિંહ, નઝીરભાઈએ યોગદાન આપ્યું હતું. શરીર, ઘર અને દેશને સ્વચ્છ રાખવાના સૌએ સંકલ્પ લીધા હતા.



ગાંધીનગર દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા 'સે નો પ્લાસ્ટિક'ની ઉજવણી કરવામાં આવી હતી.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમુહ લગ્ન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧
સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ગાંધીનગર તા. ૨૪ નવેમ્બરના રોજ ચતુર્થ સમુહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૨ નવેમ્બરના રોજ મહેંદી રસમ અને ૨૩ નવેમ્બરના દિવસે રાત્રે ૮ વાગ્યે મ્યુઝિકલ પાર્ટી સાથે રાસ-ગરબા અને સંગીત સંધ્યા યોજાશે. તા. ૨૪ નવેમ્બરના રોજ સાંજે વરઘોડો બેન્ડવાજા, આતશબાજી સાથે ધામધૂમથી કાઢવાનું સંસ્થા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

સમસ્ત બ્રહ્મસમાજના પરિવાર માટે વધુમાં વધુ ૧૫ સમૂહ લગ્ન કરવાનું આયોજન કરવાનું હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ તા. ૨૪ ઓકટોબર સુધીમાં સંસ્થા દ્વારા સ્વિકારવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખ પિનાકીન રાવલ અને મંત્રી નરેશ દવે દ્વારા જણાવાયુ છે તથા વધુ માહિતી માટે નરેન્દ્ર વ્યાસ મો. નં. ૯૮૯૮૦૩૨૬૫૯ નો સંપર્ક કરવા જણાવાયું છે.



સેવા મારું જીવન-પરિવાર દ્વારા સે-૨૧ સ્થિત અપનાબજાર પાસે જરૂરિયાતમંદ બાળકોને નાસ્તો, કપડાં તેમજ ઉપયોગી વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જીઈબી ખાતે સેવા વસ્તીના રહીશોને નાસ્તો, મીઠાઈ તથા જીવનજરુરી વસ્તુનું વિતરણ પણ સંસ્થા દ્વારા કરાયું હતું.



દલિત સેના ગુજરાત પ્રદેશ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસીય ધરણા યોજાયા હતા. ગુજરાતના અનેક ગામડાઓ એવા છે કે જયાં અનુસુચિત જાતિના સમુદાય માટે અંતિમ ક્રિયા કરવા માટે સ્મશાનની વ્યવસ્થા નથી. ત્યારે ગામડામાં વસતા અનુસુચિત જાતિના સમુદાય માટે સ્મશાનની જગ્યા ફાળવવા દલિત સેના દ્વારા માંગ કરવામાં આવી છે.

## પીડીપીયુ ખાતે એસપીઈ ફેસ્ટ-૨૦૧૯ યોજાયો







ગાંધીનગર, તા.૨૧
ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે તા. ૧૮ થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ત્રિદિવસીય એસપીઈ ફેસ્ટ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'કોન્ફલુએન્સ ઓફ ઈન્ટેલેકટ' થીમ અંતર્ગત ઓઈલ અને ગેસ ઉપયોગ આધારિત કોલોઝલમાં ૧૮ યુનિવર્સિટીઝના ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ૪૦થી વધુ વિદ્યાર્થીઓ વિદેશી હતા.

પીડીપીયુ ખાતેના એસપીઈ ૨૦૧૯ના ઉદઘાટન પ્રંસગે જિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના ગુજરાત પ્રદેશના ડાયરેકટર જનરલ એન.વી. નિતનાવરે સહિત ઓએનજીસીના પૂર્વ એકિઝકયુટીવ ડાયરેકટર એસેટ મેનેજર ડૉ. આર.વી. મરાઠે અને એકિઝકયુટીવ ડાયરેટર એસેટ મેનેજર દેબાશષ બાસુ, યુનિ. ઓફ એકલાહોમના એમિરેટસ પ્રોફેસર સુભાષ શાહ થતા પીડીપીયુ સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજીના ડાયરેકટર ડૉ. આર.કે. વીજ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. એસપીઈ ફેસ્ટ દરમિયાન વિવિધ વિષય તજજ્ઞોએ તેમના મંતવ્યો પ્રસ્તુત કર્યા હતા.

પીડીપીયુ ફેસ્ટ ૧૯માં વિવિધ ઔપચારિક ઈવેન્ટમાં આશાસ્પદ એન્જિનિયરોએ શ્રેષ્ઠ આઈડીયાઝ રજુ કર્યા હતા તેમાં ૫૦થી વધુ પેપર્સ અને ૨૫થી વધુ પોસ્ટર્સ દર્શાવાયા હતા.

તેમજ ફેસ્ટ દરમિયાન કવીઝ કોમ્પીટીશન, મડઓજી ડ્રીલીંગ, ફલુડ કોમ્પીટીશન, બીડ યોર બ્લોક, વર્ચ્યુઅલ બ્લોક બીડીંગ કોમ્પીટીશન જેવી અનેકવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ ફેસ્ટમાં પ્રોડકટશન ઓપ્ટીમાઈઝીંગ યુઝીંગ આર્ટિફીશયલ લિફટ અંગેનો વર્કશોપ પણ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત પીડીપીયુ સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે 'એનર્જી મેનિયા' વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **વોર** ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
- **છીછોરે** ૧.૦૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૭.૦૦
- **લાલ કપ્તાન** ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૧૫
- **ડ્રીમગર્લ** ૧.૧૫
- **રઘુ સીએનજી (ગુજરાતી)** ૭.૩૦
- **ઘોસ્ટ** ૧૧.૩૦, ૮.૦૦
- **પી સે પ્યાર એફ સે ફરાર** ૨.૧૫
- **જોકર (અંગ્રેજી)** ૫.૧૫, ૧૦.૪૫

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

- **લાલ કપ્તાન** ૧.૨૫, ૭.૨૦, ૧૦.૩૦
- **ઘોસ્ટ** ૧૧.૨૫, ૪.૩૫
- **રઘુ સીએનજી (ગુજરાતી)** ૮.૦૦
- **વોર** ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૪.૫૫, ૭.૦૫, ૧૦.૧૫
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૧૦.૨૦, ૧૦.૩૦
- **જોકર (અંગ્રેજી)** ૧૦.૦૫, ૨.૫૫, ૭.૫૦, ૧૦.૩૦

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

- **લાલ કપ્તાન** ૯.૦૦, ૩.૧૫, ૬.૩૫, ૯.૪૫
- **ઘોસ્ટ** ૯.૩૫, ૨.૫૫, ૧૦.૫૦
- **પી સે પ્યાર એફ સે ફરાર** ૧૨.૧૫, ૫.૩૫
- **લાઈફ મેં ટાઈમ નહીં કે કીસી કો** ૧૧.૩૫
- **વોર** ૯.૪૫, ૧૨.૦૦, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૯.૦૫, ૧૦.૦૫
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૯.૪૫, ૩.૦૫, ૬.૦૫
- **રઘુ સીએનજી (ગુજરાતી)** ૯.૪૫
- **જોકર (અંગ્રેજી)** ૧૨.૪૫, ૮.૧૫

## ચિરવિદાય

- સ્વ. વ્યાસ વર્ષાબેન કિર્તિકુમાર, ઉ.વ. ૬૦
- સ્વ. રાવળ ગણપતભાઈ અમરતભાઈ, ઉ.વ. ૬૦
- સ્વ. ઠાકોર ચંદુજી આત્મારામ, ઉ.વ. ૬૮

## ગાંધીનગર શહેરીજન સંસ્થા અને નિવૃત્ત સરકારી અધિકારી મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૧
સેકટર-૭-ડી ગાંધીનગર શહેરીજન સંસ્થા અને નિવૃત્ત અધિકારી મંડળની સંયુકત કાર્યવાહી સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ સુમંતભાઈ એમ. શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં સુમંતભાઈ દ્વારા વિનોબા ભાવેના લેખ માનવધર્મનું સદવાચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બંને સંસ્થાના પૂર્વ પ્રમુખ જયંતભાઈ જે. ભટ્ટની ૨૫ વર્ષની પ્રમુખ તરીકેની સેવાઓને બિરદાવી હતી.










શહેરના સેક્ટર-૩-બીમાં એસએસવી કેમ્પસ ખાતે જીસીઈઆરટીના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી દ્વારા ચામુંડા પ્રાથમિક શાળા તથા એસએસવી સંચાલિત જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટેના જિલ્લાકક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આજે ઉદ્ઘાટન કરાયુ હતુ. આ પ્રસંગે જિલ્લાના ડાયેટ પ્રાચાર્ય આઈ.વી. પટેલ, જિલ્લા શિક્ષણ ચેરમેન કિર્તીબેન, જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, બિટ નિરિક્ષકો તથા જિલ્લા શિક્ષણ સંઘના હોદેદારો અને એસએસવી કેમ્પસના સંચાલકો ઉપસ્થિત રહ્યાં હતા. તા. ૨૩મી સુધી જાહેર જનતા માટે ખુલ્લા રહેનારા આ પ્રદર્શનના દિપ પ્રાગટ્ય સમયે વિવિધ શાળાના બાળકો ૫૦ પ્રોજેક્ટ્સ લઈને શિક્ષકો સાથે ઉપસ્થિત રહ્યાં હતા અને આ બાળ વિજ્ઞાનીઓએ રિબીન કાપી ફુગ્ગા ઉડાડી સમારોહ તથા પ્રદર્શનને ખુલ્લુ મુક્યું હતું.